| કુલ ગુણ | 100 |
|---|---|

# AEIAT- (MAINS) 2026
## PAPER -II (MCQ Type)

પરીક્ષાની તારીખ : ૧૩/૦૯/૨૦૨૯

પરીક્ષાનો સમય : ૧૭:૦૦ થી ૧૮:૦૦

| કેટેગરી |
|---|
| A |

AEIAT(MAINS) PAPER-2

A 2001511

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહી. |
| (2) | ૧ થી ૧૦૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય(missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. |
| (3) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઈડ, માર્ગદર્શિકા કાપલી, સ્લીપો, અન્ય લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, કેલક્યુલેટર,સ્માર્ટ વોચ, પેજર,સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (4) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સુચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર છપાયેલ હશે, જે ખરાઈ કરવી. આપની પ્રશ્નપત્રની સીરીઝ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં દર્શાવવાની રહેશે. |
| (6) | પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇપણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહી. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલ પોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી. પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (9) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે ૦.૨૫ ગુણ કપાશે (નેગેટીવ ૦.૨૫) જો ઉમેદવાર કોઈ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે ૦.૨૫ ગુણ નેગેટીવ મળશે. |
| (12) | પરીક્ષા પુરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્ત ભંગના પગલા ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષા માટેનો સમય ૬૦ મિનિટનો છે. સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે. |

## રફ કામ માટેનું પેઈજ

1. નીચેના પૈકી કઈ બાબત નેડ ફલેન્ડર્સના વર્ગ વ્યવહારમાં શિક્ષકની પરોક્ષ અસર દર્શાવતી નથી ?

(A) લાગણીનો સ્વીકાર
(B) વિચારનો સ્વીકાર
(C) સૂચના આપવી
(D) પ્રશ્નો પૂછવા

2. નીચેના પૈકી કઈ બાબત અયોગ્ય છે ?

(A) વિષયવસ્તુની ક્રમિક રજૂઆત માટેની સમગ્રતયા યોજના એટલે અધ્યાપન પદ્ધતિ
(B) અધ્યાપન પ્રયુક્તિ એ અધ્યયન મુશ્કેલીના નિવારણ માટે હોય છે અને તે આયોજનમાં હંમેશા પૂર્વ વિચારણામાં હોય તે જરૂરી છે.
(C) અધ્યાપન પ્રયુક્તિ એ અધ્યાપન પદ્ધતિ અને પ્રવિધિઓનું સંમિશ્રણ છે.
(D) વર્ગખંડ અધ્યયન-અધ્યાપન દ્વારા કોઈ ચોક્કસ અધ્યયન હેતુની પૂર્તિ માટે પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવે છે.

3. નીચેના પૈકી કથન અને તેના કર્તાની કઈ જોડ ખોટી છે ?

(A) વિદ્યાર્થીના જ્ઞાન, અનુભવો અને કૌશલ્યોનો વિકાસ થાય એવું જીવનલક્ષી શિક્ષણ હોવું જરૂરી છે. - મેડમ મોન્ટેસરી
(B) શિક્ષણ બાળક મુકત મને હરી-ફરી શકે અને રમતાં રમતાં શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવું હોવું જોઈએ. - ગિજુભાઈ બધેકા
(C) શિક્ષણ એટલે ક, ખ થી શીખવવું નહિ પણ આપણી પાસે આપણું બાળક એના અંતર મનને ખુલ્લું મૂકી દે, એની બધી જ લાગણીઓને નિર્ભય બનીને વ્યક્ત કરવામાં જરાય ડર કે સંકોચ ન અનુભવે. - દિલીપ રાણપુરા
(D) જે દિવસે શિક્ષક શાળામાં બાળકોને હસતાં-હસતાં આવકારી શકે તેમ ન હોય તો તે દિવસે શિક્ષકે શાળામાં રજા મુકવી. - ગુણવંત શાહ

4. શાળાકીય મૂલ્યાંકનમાં નિબંધ પ્રકારના પ્રશ્નો માટે નીચેનામાંથી કયું વિધાન સુસંગત છે ?

(i) અધ્યેતા પ્રશ્નના ઉત્તર સ્વતંત્ર રીતે આપી શકે છે.
(ii) જવાબ આપવા માટે ચોક્કસ મર્યાદા નક્કી કરવામાં આવે છે.
(iii) પ્રશ્ન સંરચનામાં સમજાવો જેવા શબ્દનો પ્રયોગ થાય છે.
(iv) પ્રશ્નનો એક વાક્યમાં જવાબ આપવાનો હોય છે.

(A) (i), (ii)
(B) (i), (iii)
(C) (ii), (iv)
(D) (i), (iv)

5. વર્ગખંડમાં એક શિક્ષક વાર્તા સંભળાવે છે. તેના આધારે વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રના ઉત્તરો લખવા જણાવે છે. શિક્ષક વિદ્યાર્થીના કયા કૌશલ્યની ચકાસણી કરે છે ?

(A) કથન કૌશલ્ય
(B) રસ કૌશલ્ય
(C) શ્રવણ કૌશલ્ય
(D) પ્રવચન કૌશલ્ય

6. RTE-2009 અંતર્ગત શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં નીચેનામાંથી કઈ બાબતોનું મૂલ્યાંકન અપેક્ષિત છે ?

(i) પહેરવેશ
(ii) શૈક્ષણિક
(iii) બૌદ્ધિક
(iv) વલણો

(A) (i), (ii)
(B) (ii), (iii), (iv)
(C) (iii), (iv)
(D) (ii), (iv)

7. સંરચનાવાદની વિચારધારાને નીચેનામાંથી કયા વિધાનો અનુમોદન આપે છે ?

(i) હેતુઓ અધ્યયન કરનાર દ્વારા નક્કી કરવામાં આવે છે.

(ii) શિક્ષકની ભૂમિકા માર્ગદર્શક તરીકેની હોય છે.

(iii) અધ્યેતા માટે સ્વજાગૃતિની તક રહેલી હોય છે.

(iv) અધ્યેતાના કૌશલ્ય અને જ્ઞાનની વૃદ્ધિમાં બાધક છે.

(A) (i), (ii), (iii) (B) (ii), (iii), (iv) (C) (i), (iii), (iv) (D) (i), (ii), (iv)

8. બાળકને મૌખિક આવડતું હોવા છતાં લખવામાં બહુ ભૂલો કરે છે તેવા બાળકમાં કઈ ખામી હોઈ શકે ?

(A) ડિસ્લેક્સિયા (B) ડિસ્કેલ્ક્યુલિઆ (C) ડિસ્ગ્રાફિયા (D) ડિસ્ફેકટીયા

9. અંગ્રેજીમાં પ્રત્યક્ષ કથનવાળા વાક્યોને પરોક્ષ કથનમાં બદલવા માટે કાળના જ્ઞાનનો ઉપયોગ કરવાની પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(A) જ્ઞાનાત્મક સંરચના વિકાસ (B) પ્રતિક્ષિપ્ત ક્રિયા

(C) સંગઠન (D) રૂપાંતરણ

10. જૂની જ્ઞાનાત્મક સંરચનાઓનો ઉપયોગ કરીને નવી જ્ઞાનાત્મક સંરચનાઓનો વિકાસ કરવો એટલે શું ?

(A) અભિનિવેશ (B) અધ્યાપન (C) સંક્રમણ (D) ભૂમિકાનિર્વાહ

11. કચેરી કાર્યપદ્ધતિની જોગવાઈ પ્રમાણે અલ્પાહાર માટે કચેરીના કુલ કર્મચારીઓના કેટલા ભાગથી વધુ એકસાથે ન જાય તેવી વ્યવસ્થા કરવાની હોય છે ?

(A) છઠ્ઠા ભાગ (B) ચોથા ભાગ (C) ત્રીજા ભાગ (D) પાંચમા ભાગ

12. સરકારશ્રી દ્વારા નિયત કરાયેલા ધોરણ મુજબ કચેરીના નોંધ મુકનાર કર્મચારીએ જરૂરી ટપાલનો નિકાલ કેટલા સમયમાં કરવાનો રહેશે ?

(A) 24 કલાક (B) 48 કલાક (C) 72 કલાક (D) 120 કલાક

13. રવાનગી કારકુને રવાનગી રજિસ્ટર અને ટપાલ હિસાબ રજિસ્ટરના કયા પરિશિષ્ટમાં રાખવાનું રહેશે ?

(A) 6 (B) 12 (C) 11 (D) 10

14. ફાઈલ નંબર આપવા અને ત્રિવર્ણો નિર્ધારિત કરવા, આ-ત્રિવર્ણો કયા સતાધીશ દ્વારા મંજૂર કરવામાં આવે છે?

(A) કલેકટર કચેરી (B) સામાન્ય વહીવટ વિભાગ

(C) ખાતાના વડા (D) કચેરીના વડા

15. કચેરી કાર્ય પદ્ધતિ-2022 અનુસાર સામાન્ય રીતે નીચેનામાંથી કયા સમયે અલ્પાહાર માટે જવું નહીં ?

(A) 10:30 થી 11:00 (B) 11:00 થી 12:00 (C) 5:00 થી 6:10 (D) 1:30 થી 2:00

16. સરકારી કામકાજમાં ત્વરા લાવવા અને કરકસરભરી રીતે નિર્ણય પ્રક્રિયા પૂરી કરવા નોંધની રજૂઆતમાં શેનો ખ્યાલ અપનાવવામાં આવે છે ?

(A) રજૂઆતનો (B) કુદરતી ન્યાયના સિદ્ધાંતનો

(C) 'level jumping' નો (D) 'નાણાકીય ઔચિત્ય' ના સિદ્ધાંતનો

17. 'વળતર રજા' બાબતે નીચે પૈકી કયું વિધાન ખરું છે ?

(A) તે એકીસાથે જમા થાય છે.

(B) જે-તે કેલેન્ડર વર્ષ સિવાય પણ ભોગવી શકાય છે.

(C) રાજ્યપત્રિત અધિકારીને વળતર રજા મળવાપાત્ર નથી.

(D) ઉપર પૈકી તમામ વિધાનો સાચાં છે.

18. ટપાલ આવક રજિસ્ટર બાબતે નીચેના વિધાનો ચકાસો.

(a) નોંધણી કારકુને દરેક ટપાલ પરિશિષ્ટ-૧ મુજબ નોંધવાની રહેશે.

(b) આવક રજિસ્ટરમાં વચ્ચે ખાલી જગ્યા મૂક્યા વિના એક પછી એક દરેક લીટીમાં નોંધ કરવી.

(A) વિધાન (a) સાચું છે. (B) વિધાન (b) સાચું છે.

(C) વિધાન (a) અને (b) બંને સાચાં છે. (D) વિધાન (a) અને (b) બંને ખોટાં છે.

19. કાયમી સાચવવાની ફાઈલોનું વર્ગીકરણ કયા વર્ગ હેઠળ કરવામાં આવે છે ?

(A) 'ક' વર્ગ (B) 'ખ' વર્ગ (C) 'ગ' વર્ગ (D) 'ઘ' વર્ગ

20. દરેક કચેરીએ માસને અંતે વડી કચેરીને મોકલવાની થતી માહિતીનું પત્રક કયા પરિશિષ્ટ મુજબ નિયત થયેલું છે ?

(A) પરિશિષ્ટ - 32 (B) પરિશિષ્ટ - 35 (ખ) (C) પરિશિષ્ટ - 36 (D) પરિશિષ્ટ - 38

21. એક પ્રાથમિક શાળાના શિક્ષક જાહેર સ્થળે ધુમ્રપાન કરતા દોષિત ઠરેલ છે. તો તેમણે ગુજરાત પંચાયત સેવા (વર્તણુક નિયમો)-1998 મુજબ કયા નિયમનો ભંગ કરેલ ગણાશે ?

(A) નિયમ-3 (2) (B) નિયમ-1 (3) (C) નિયમ-3 (1) (D) નિયમ-3 (3)

22. ગુજરાત પંચાયત સેવા (વર્તણુક નિયમો) 1998 મુજબ નીચેના પૈકી કઈ બાબત યોગ્ય નથી ?

(A) પંચાયત કર્મચારી તેના કુટુંબના કોઈ સભ્યને સરકાર માટે વિદ્રોહકારી ચળવળ કે પ્રવૃત્તિમાં ભાગ લેતો અટકાવી ન શકે તો તેણે સરકારને તે મતલબનો રીપોર્ટ કરવો જોઈએ.

(B) પંચાયતના કર્મચારી કોઈપણ રાજકીય ચળવળ કે પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ પરંતુ તેમાં મદદરૂપે ફાળો આપી શકશે.

(C) પંચાયતનો કોઈપણ કર્મચારી વિધાનમંડળની ચૂંટણીમાં પોતાની લાગવગનો ઉપયોગ કરી શકશે નહિ.

(D) પંચાયતના કર્મચારીના કુટુંબના કોઈપણ સભ્ય જે કંપનીમાં નોકરી કરતા હોય તે કંપની સાથે જે તે પંચાયતના કર્મચારી દ્વારા કોઈ કરાર કરવામાં આવે ત્યારે તેની જાણ ઉપરી અધિકારીને કરવાની રહેશે.

23. ગુજરાત પંચાયત સેવા (વર્તણુક નિયમો) 1998 મુજબ હડતાલ શબ્દમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(i) પંચાયત કર્મચારીઓ સમૂહમાં જોડાઈને કામ બંધ કરવું.

(ii) ઓવર ટાઈમમાં કામ કરવાની જરૂર હોય ત્યારે ના પાડવી.

(iii) જે વર્તનથી પંચાયતનું કામ મહદ અંશે ઢીલમાં પડે તેવું વર્તન.

(iv) એક સાથે મળીને કામ કરવાની ના પાડવી તે

(A) (i), (ii), (B) (i) (iv) (C) (i), (ii), (iii) (D) (i), (ii), (iii), (iv)

24. ધી ગુજરાત પંચાયત સેવાઓ (વર્તણૂક) નિયમો - 1998, ગુજરાત પંચાયત અધિનિયમની કઈ કલમો આધીન રચવામાં આવ્યા છે ?

(A) 273 અને 226 (B) 274 અને 227 (C) 272 અને 225 (D) 270 અને 222

25. પંચાયત કર્મચારી દ્વારા કોઈપણ રીતે કામ વિલંબ કરવો, કામ માટે ઈન્કાર કરવો અને કામ પ્રત્યે નકારાત્મક વલણ રાખવું - આ વર્તણૂકને નિયમ હેઠળ કયા પ્રકારનું કૃત્ય કહેવામાં આવશે ?

(A) કામ માટે ''ના''
(B) હડતાલ
(C) ઉપરી અધિકારીની સૂચનાનો અનાદર
(D) મનસ્વી વર્તન

26. પંચાયત સેવાના કર્મચારી / અધિકારી દ્વારા સરકારની નીતિ વિષયક બાબતના ડોક્યુમેન્ટ સરકારની જાણ વગર પ્રેસ/મિડીયાને આપવામાં આવેલ હોય ત્યારે આ વર્તણૂક પંચાયત સેવા વર્તણૂક નિયમો 1998 ના કયા નિયમ હેઠળ આવરી લેવામાં આવે છે ?

(A) અનધિકૃત માહિતીના સંચાર
(B) સરકારની ટીકા
(C) પ્રેસ અથવા રેડિયો સાથેનો સંબંધ
(D) ઉપરી અધિકારીની સૂચનાનો પાલન નહિ કરવું

27. 'ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1997 કોને લાગુ પડશે નહિ ?

(A) પંચાયત સેવામાં ફાળવેલ વ્યક્તિઓને
(B) પંચાયત હેઠળ જગાઓ ધરાવતી વ્યક્તિઓને
(C) એવા અધિકારીઓ અને નોકરો કે જેમને અધિનિયમની કલમ-233 હેઠળ પંચાયતને ઉછીના આપવામાં આવ્યા હોય.
(D) (A) તથા (B) બંને

28. 'ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1997 અંતર્ગત કલમ-9 હેઠળ કઈ શિક્ષા કરવા માટેની કાર્યરીતિ નક્કી ઠરાવેલ છે ?

(A) ઈજાફો અટકાવવા માટેની
(B) સેવા સમાપ્ત કરવા માટેની
(C) ગૌણ શિક્ષા કરવા માટેની
(D) ઉપર પૈકી એકપણ નહિ

29. ગુજરાત પંચાયત (શિસ્ત અને અપીલ) નિયમો-1997 અંતર્ગત મહિલા આરોગ્ય કાર્યકરને કોઈપણ શિક્ષા કરવાનો સત્તાધિકાર કોને પ્રાપ્ત થયેલ છે ?

(A) જિલ્લા આરોગ્ય અધિકારીને
(B) જિલ્લા વિકાસ અધિકારીને
(C) ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલને
(D) તાલુકા આરોગ્ય અધિકારીને

30. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1997 મુજબ પંચાયતના કર્મચારીને થયેલ શિક્ષાના હુકમો વિરુદ્ધ અપીલ કરવાની હોય ત્યારે શિક્ષાના હુકમ મળ્યા તારીખથી કેટલા દિવસની અંદર અપીલ કરી શકાશે ?

(A) 30 દિવસ (B) 60 દિવસ (C) 90 દિવસ (D) 45 દિવસ

31. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-1997 અન્વયે ફરજ મોકૂફીના હુકમની વિરુદ્ધ અપીલ થઈ હોય તે કેસમાં કયા નિયમની જોગવાઈઓ અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે ફરજ મોકૂફીના હુકમ અંગે નિર્ણય કરવાનો હોય છે ?

(A) નિયમ - 14 (B) નિયમ - 15 (C) નિયમ - 16 (D) નિયમ - 17

32. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-1997 અન્વયે કોઈ કચેરીના વડા કોણ છે અથવા કોઈ સત્તાધિકારી બીજા સત્તાધિકારીનાં તાબાના છે અથવા તેનાથી ઉપલા દરજ્જાના છે કેમ તે અંગેનો નિર્ણય કોણ કરશે ?

(A) જિલ્લા કલેકટરશ્રી
(B) જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(C) જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી
(D) સરકાર

33. પંચાયત સેવાના કર્મચારી સામે સક્ષમ અધિકારી દ્વારા નીચેના પૈકી કઈ કાર્યવાહી શિક્ષા ગણી શકાય નહિ ?

(A) પાયરી ઉતાર
(B) ફરજિયાત નિવૃત્તિ
(C) લાયકી આડ
(D) ફરજ મોકૂફી

34. શિસ્ત પાલન અધિકારી નીચેના પૈકી કઈ શિક્ષા પ્રાથમિક તપાસ કે ખાતાકીય તપાસ કર્યા વિના કરી શકે ?

(A) ફરજિયાત નિવૃત્તિ (B) પાયરી ઉતાર (C) બઢતી અટકાવવી (D) બરતરફી

35. નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ શિક્ષામાં થતો નથી ?

(A) ફરજ મોકૂફી
(B) બરતરફી
(C) ઈજાફા અટકાવવા
(D) ફરજિયાત નિવૃત્તિ

36. બદલી થયા બાદ સરકારી રહેણાંકનો કબજો ધરાવતો સરકારી કર્મચારી કેટલા સમયગાળા માટે નવા સ્થળે ઘરભાડા ભથ્થું મેળવવાને હકદાર રહેશે નહિ?

(A) બદલીની તારીખના છ માસથી વધુ
(B) બદલીની તારીખના આઠ માસથી વધુ સમય માટે
(C) બદલીની તારીખના બે માસથી વધુ સમય માટે
(D) ઉપર પૈકી એકપણ નહિ

37. ફરજ મોકૂફી હેઠળના સરકારી કર્મચારીને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાંની ગણતરીનો દર શેનાં આધારે નક્કી કરવાનો રહેશે ?

(A) તેને મળતાં માનદ્ ભથ્થાના આધારે
(B) તેને ચૂકવવામાં આવતા નિર્વાહ ભથ્થાની રકમના આધારે
(C) તેને મળતાં ઘરભાડા ભથ્થાના આધારે
(D) ઉપર પૈકી એકપણ નહિ

38. એક સરકારી માધ્યમિક શાળાના શિક્ષકે શાળામાં અકસ્માતે આગ લાગી જવાનાં સમયે વર્ગમાં અભ્યાસ કરતા 40 જેટલાં બાળકોને બચાવતાં સરકારશ્રીએ તેમને ખાસ પુરસ્કાર આપવાનું ઠરાવ્યું છે. આ કિસ્સામાં માનદ્ વેતન મંજૂર કરવા સારું સક્ષમ સત્તાધિકારી કોણ છે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારી
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) કમિશનરશ્રી, શાળાઓની કચેરી
(D) વહીવટી ખાતાના વડા

39. સરકારી કર્મચારીના સ્થાનિક વળતર ભથ્થા અને ઘરભાડા ભથ્થાનાં તેમણે આકારેલ બિલો પર કોણે પ્રમાણપત્ર આપવાનું રહેશે ?

(A) ઉપાડ અને ચૂકવણી અધિકારીએ
(B) નિયંત્રણ અધિકારીએ
(C) કચેરીના વડાએ
(D) ખાતાના વડાએ

40. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો 2002 મુજબ ઘરભાડા ભથ્થા માટે સુરત શહેરનો સમાવેશ કયા વર્ગના શહેરમાં થાય છે ?

(A) X કેટેગરી (B) Y કેટેગરી (C) Z કેટેગરી (D) વિશિષ્ટ કેટેગરી

41. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો 2002 મુજબ ઘરભાડા ભથ્થું આકારવા માટે કઈ બાબત સુસંગત નથી?

(A) પતિ-પત્ની બંને સરકારી કર્મચારી હોય અને તેઓ પોતાના કે ભાડાના એક જ મકાનમાં સાથે રહેતા હોય તો તેમને ઘરભાડાની રાબેતા મુજબની રકમ મળશે.

(B) સરકારી કર્મચારીને રહેણાંકનું મકાન ફાળવેલ હોય અને તેમાં પતિ પત્ની સિવાયના બે કે તેથી વધુ અન્ય કર્મચારીઓ હિસ્સેદારથી રહેતા હોય તો તેવા અન્ય સરકારી કર્મચારીઓની પસંદગી મુજબ કોઈ એકને જ ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

(C) પથિકાશ્રમમાં રહેતા હોય તેવા સરકારી કર્મચારીને તેવા રહેઠાણના સમયગાળા માટે પણ ઘરભાડા ભથ્થાનો હક રહેશે.

(D) કેન્દ્ર સરકાર દ્વારા જીવનસાથીને તે જે મથકે રહેણાંક ફાળવવામાં આવ્યું હોય અને તેઓ તેમાં રહેતા હોય કે અલગ ભાડે લીધેલ રહેણાંકમાં અલગ અલગ રહેતા હોય તેવું કર્મચારી ઘરભાડા ભથ્થાનો હકદાર થશે નહીં.

42. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો-2002 મુજબ નીચેના પૈકી સ્થાનિક વળતર ભથ્થા બાબતે શું સાચું છે ?

(A) વિદેશમાં પ્રતિનિયુક્તિનો સમય એક વર્ષથી વધુ ન હોય તો તેને સમગ્ર સમયનું સ્થાનિક વળતર ભથ્થું મળવા પાત્ર છે.

(B) ભારત બહારની તાલીમના સમયગાળા માટે પણ સ્થાનિક વળતર ભથ્થું મળવા પાત્ર છે.

(C) ભારતમાં તાલીમ માટે મોકલવામાં આવે ત્યારે તાલીમના સમગ્ર સમયગાળા માટે તાલીમના સ્થળે મળવા પાત્ર દર અથવા પોતાની મૂળ નોકરીના સ્થળે મળવાપાત્ર દર પૈકી ઓછા દરે સ્થાનિક વળતર ભથ્થું મળવાપાત્ર છે.

(D) ફરજ મોકૂફી હેઠળના સરકારી કર્મચારી પાસેથી કોઈ લેણું બાકી હોય તો પણ તેને મળતું સ્થાનિક વળતર ભથ્થું અટકાવી શકાય નહિ.

43. ખાતાકીય પરીક્ષા આપવા માટે મુસાફરી ભથ્થુ મહત્તમ કેટલી વખત મળી શકે ?

(A) એક વખત (B) બે વખત
(C) ત્રણ વખત (D) મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી.

44. એક કર્મચારી મુખ્યમથક બહાર 10 દિવસ રોકાણ કરે છે. ત્યાં જમવાની સવલત વિના મૂલ્યે આપવામાં આવે છે. દૈનિક ભથ્થાનો દર રોજના રૂ. 400/- છે તો દસ દિવસના કુલ કેટલું ભથ્થું મળે ?

(A) રૂ. 4000/- (B) રૂ. 1000/- (C) રૂ. 2000/- (D) ના મળે

45. એકી સાથે વધુમાં વધુ કેટલા સમયનું વાહનભથ્થું મંજૂર કરી શકાય ?

(A) છ માસ (B) એક વર્ષ
(C) બે વર્ષ (D) ઉપરોક્ત ત્રણ પૈકી એકપણ નહિ

46. નાણાંકીય મંજૂરી વધુમાં વધુ કેટલા સમય પછી રદ થશે ?

(A) બે વર્ષ (B) એક વર્ષ (C) છ માસ (D) ત્રણ માસ

47. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, 2002 ની જોગવાઈ અન્વયે ઘરભાડા ભથ્થું (એચ.આર.એ.) મંજૂર કરવામાં આવેલ વર્ગીકરણ પ્રમાણે 'એ' વર્ગના શહેરમાં કયા શહેરનો સમાવેશ થાય છે ?

(A) સુરત (B) અમદાવાદ (C) વડોદરા (D) રાજકોટ

48. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, 2002 ની જોગવાઈ મુજબ કેટલા દિવસથી વધુ નહિ તેવી કામચલાઉ બદલીના સમયગાળા માટે સરકારી કર્મચારીની બદલી થતાં પહેલાં તે હકદાર હોય તે દરે સ્થાનિક વળતર ભથ્થું આકારી શકશે ?

(A) 30 દિવસ (B) 60 દિવસ (C) 90 દિવસ (D) 120 દિવસ

49. મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની ચૂકવણી જી. સી. એસ. આર. પેન્શનના નિયમો-2002ના કયા નિયમની જોગવાઈ આધીન કરવામાં આવે છે ?

(A) નિયમ - 49 (B) નિયમ - 83 (C) નિયમ - 81 (D) નિયમ - 171

50. સરકારી કર્મચારીને જ્યારે ઈજાફો મળ્યા પહેલાં બઢતી આપવામાં આવે ત્યારે પગાર નિર્ધારણ કઈ રીતે સ્વીકારવું તે માટે વિકલ્પ કેટલા સમયમાં આપવાનું હોય છે ?

(A) 7 દિવસ (B) બે મહિના (C) એક મહિનો (D) ત્રણ મહિના

51. જ્યારે કર્મચારી સ્વ વિનંતીથી નવી જગા ઉપર નિમણૂક મેળવે ત્યારે એને પગાર કેટલો મળવાપાત્ર થાય છે ?

(A) જુની પોસ્ટનો મહત્તમ પગાર

(B) નવી પોસ્ટનો ન્યુનત્તમ પગાર

(C) જે પોસ્ટથી અન્ય પોસ્ટ પર નિમણૂક થઈ, જુની પોસ્ટનો મળતો પગાર

(D) શરૂઆતી પગાર મહત્તમ મળવાપાત્ર

52. GPSC અને કેન્દ્રીયકૃત ભરતીથી જ્યારે પસંદગી થતી હોય ત્યારે તેની સરકારની જુની સર્વિસ નવી સર્વિસ સાથે નિરંતર / સંલગ્ન ગણવાની રહે છે, આ જોગવાઈ કયા નિયમ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

(A) નિયમ - 23 (B) નિયમ - 24 (C) નિયમ - 25 (D) નિયમ - 21

53. જ્યારે કર્મચારી રજા અથવા ખાસ ફરજ ઉપરથી પરત ફરતા હોય ત્યારે જગા ઉપલબ્ધ ન થતાં તેને રાહ જોવાના સમય હસ્તક રહેવું પડે છે. આ પિરિયડમાં કયો પગાર મળવા પાત્ર રહેશે ?

(A) મળવાપાત્ર રજાઓ મુકવી પડશે, તેનો પગાર મળશે.

(B) અર્ધ પગારી રજાનો પગાર

(C) બિનપગારી રજા - પગાર મળવાપાત્ર નથી

(D) જે જગા પર નિમણૂક મેળવેલ તે જગાનો પગાર મળશે.

54. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો 2002 હેઠળ સરકારી કર્મચારીની ફરજના અનુસંધાને કરાયેલી મુસાફરીના બીલો પર કોની સહિ આવશ્યક હોય છે ?

(A) સક્ષમ સત્તાધિકારીની (B) નિયંત્રણ અધિકારીની

(C) મહેકમ અધિકારીની (D) કચેરીના વડાની

55. કર્મચારીને એક જ કચેરીની કે ખાતાની અથવા અન્ય કચેરી કે ખાતાની બીજી સમકક્ષ જગાનો વધારાનો હવાલો સંભાળવા બદલ કેટલો ખાસ પગાર મળવાપાત્ર છે ?

(A) સંભાવી પગારના 5% (B) સંભાવી પગારના 10%

(C) એક ઇજાફો (D) મૂળ પગારના 5%

56. ખાસ પગાર બાબતે નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) વધારાનો પગાર મોંઘવારી ભથ્થું મેળવવાના હેતુ માટે પગાર તરીકે ગણવાનો રહે છે.

(B) ઓછામાં ઓછો ત્રીસ દિવસ કરતાં વધારે સમય માટે વધારાનો હવાલો સંભાળ્યો હોય તો જ ખાસ પગાર મળવાપાત્ર છે.

(C) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ ખાસ પગાર મળવાપાત્ર છે.

(D) ઉપર પૈકી એક પણ નહિ.

57. વર્ગ 3 ના તમામ સરકારી કર્મચારીઓની બાબતમાં પેન્શન મંજૂર કરવાની સત્તા કોને છે ?

(A) ખાતાના વડાને (B) નિમણૂક અધિકારીને

(C) વહીવટી ખાતાને (D) કચેરીના વડાને

58. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો 2002 મુજબ વર્ગ ત્રણના કર્મચારીશ્રી XYZ કે જેવો 44,900 મૂળ પગારમાં ફરજ બજાવે છે તેઓએ અન્ય વર્ગ ત્રણની જગ્યા પર 31 દિવસ માટે વધારાના હવાલા તરીકે ફરજ બજાવી છે. આ દરમિયાન તેમણે દિન-2 ની પરચુરણ રજા પણ ભોગવેલ છે. તો શ્રી XYZને ખાસ પગાર તરીકે નીચેના પૈકી કેટલા રકમ મળવાપાત્ર થશે ?

(A) 2320/- (B) 0 (C) 4640/- (D) 2245/-

59. કોઈ એક કર્મચારીને પોતાની ફરજ પર હાજર થવા બાર દિવસનો ફરજિયાત રોકાણ સમય લેવો પડે છે. આ સમય વિનિયમિત કરવાની સત્તા કોને છે ?

(A) વહીવટી વિભાગ (B) કચેરીના વડા (C) ખાતાના વડા (D) રાજ્ય સરકાર

60. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, 2002ની જોગવાઈ મુજબ બે માસથી વધુ નહિ એટલા સમય માટે તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-3 ની જગા માટે કાર્યકારી નિમણૂક કરવાની સત્તા કોની છે ?

(A) પગાર અને હિસાબી અધિકારી (B) નાણા વિભાગ

(C) વહીવટી વિભાગ (D) દરેક કચેરીના રાજપત્રિત વડા

61. કોઈપણ વ્યક્તિને સરકારી નોકરીમાં કાયમી જગા પર કાયમી નિમણૂક આપવામાં આવે ત્યારે તેણે કેટલા મહત્તમ સમય પહેલાં તબીબી પ્રમાણપત્ર મેળવી લેવું જોઈએ ?

(A) 6 માસ (B) 3 માસ (C) 2 માસ (D) 1 માસ

62. એક કર્મચારી 15-6-26 ના રોજ બપોર બાદ કેળવણી નિરીક્ષક તરીકે હાજર થાય છે. તેઓનો તે જગાનો પગાર કઈ તારીખથી આકારવાનો થાય ?

(A) 15-6-26 (B) 16-6-26

(C) 15-6-26 અડધો દિવસ (D) 16-6-26 અડધો દિવસ

63. એક વર્ષ કે તેથી ઓછી નોકરી કરનાર હંગામી સરકારી કર્મચારીએ રાજીનામુ આપવા કેટલા સમય પહેલાં નોટીસ આપવી જોઈએ ?

(A) ત્રણ માસ (B) એક માસ (C) એક સપ્તાહ (D) બે સપ્તાહ

64. કચેરીના વડા અધિકારીએ પોતાના વહીવટી નિયંત્રણ હેઠળના સરકારી કર્મચારીને દર વર્ષે સેવાપોથી બતાવવી. નોકરીની સામાન્ય શરતો-2002 ના કયા નિયમમાં આ જોગવાઈ છે ?

(A) નિયમ - 43 (B) નિયમ - 42 (C) નિયમ - 44 (D) નિયમ - 41

65. GCSR- 2002 નોકરીની સામાન્ય શરતોના કયા નિયમમાં 'ફેમિલી' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે?

(A) 9 (25) (B) 9 (26) (C) 9 (27) (D) 9 (28)

66. ખાતાના વડાઓનું સેવા વિષયક બાબતોનો રેકોર્ડ કયા સત્તાધીશ દ્વારા નિભાવવામાં આવે છે ?

(A) વહીવટી વિભાગ (B) સામાન્ય વહીવટ વિભાગ
(C) ખાતાના વડા પોતે (D) પે એન્ડ એકાઉન્ટ ઓફિસર અમદાવાદ-ગાંધીનગર

67. સર્વિસ બુકમાં જ્યારે જન્મ તારીખની નોંધ કરવાની હોય, કર્મચારીને જન્મ મહિના અને વર્ષ ખબર હોય અને તારીખની ખબર ન હોય ત્યારે નિયમો આધીન કઈ તારીખ નોંધવાની જોગવાઈ છે ?

(A) 15 તારીખ (B) 1 તારીખ (C) 16 તારીખ (D) 30 તારીખ

68. ગુજરાત મુલ્કી સેવા નોકરી સામાન્ય શરતો નિયમો 2002 મુજબ ધારણાધિકાર કયા સંજોગોમાં મોકૂફ રાખી શકાય ?

(A) જ્યારે કર્મચારી ફરજ મોકૂફી હેઠળ હોય તે દરમિયાન
(B) જ્યારે કર્મચારી રજા પર હોય ત્યારે
(C) જ્યારે કર્મચારીનો પગાર બંધ હોય અથવા આકસ્મિક ખર્ચ પાડવામાં આવતો હોય તેવી જગ્યાએ વધારા ના હોય ત્યારે
(D) મુદતી જગ્યા પર હોય ત્યારે

69. ગુજરાત મુલ્કી સેવા નોકરી સામાન્ય શરતો નિયમો 2002 મુજબ સેવાપોથી બાબતે કઈ જોગવાઈ સુસંગત નથી ?

(A) જે સરકારી કર્મચારીઓની નોકરીની વિગતોની નોંધ નોકરીના સેવા વૃતાંતમાં અથવા નોકરી રજીસ્ટરમાં પગાર અને હિસાબી અધિકારી ગાંધીનગર દ્વારા કરવામાં આવતી હોય તેવા કર્મચારીઓની સેવાપોથી નિભાવવાની રહેતી નથી.
(B) કચેરીના કબજામાં રહેલી સેવાપોથી નોકરી બદલતા પ્રસંગે એક કચેરીથી બીજી કચેરીને મોકલવામાં આવશે.
(C) સેવાપોથી અદ્યતન બાબતનું એકરાર મેળવવાનું પ્રમાણપત્ર કચેરીના વડાએ ઓક્ટોબર માસના અંત સુધીમાં ઉપરી અધિકારીને મોકલી આપવું.
(D) મૂળ સેવાપોથી જેમના કબજામાં હોય તે કચેરી ખાતાના વડા સેવાપોથીની જોગવાઈનું પાલન કરવા બંધાયેલ છે.

70. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો 2002 ના અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે અંગે રાજ્ય સરકારના કયા વિભાગને પૂછાણ કરવામાં આવશે અને તેનો નિર્ણય આખરી રહેશે ?

(A) નાણાં વિભાગ (B) સામાન્ય વહીવટ વિભાગ
(C) મહેસૂલ વિભાગ (D) શિક્ષણ વિભાગ

71. વર્ગ 3, 2 અને 1 માં નિમણૂંક સમય કમ્પ્યુટરની સામાન્ય જાણકારી ધરાવો છો તે મતલબના પ્રમાણપત્ર કોઈપણ સંસ્થાનું પ્રસ્તુત કરવાનું રહે - આ શરતનો સમાવેશ કયા વર્ષમાં કરવામાં આવેલ છે?

(A) 2008 (B) 2005 (C) 2004 (D) 2009

72. કોઈપણ સેવામાં જોડાવા માટે અનુભવ વિના સ્નાતકની ડિગ્રીની જરૂરિયાત હોય ત્યારે મહત્તમ વય મર્યાદા શું નિર્ધારીત કરવામાં આવેલ છે ?

(A) 33 વર્ષ (B) 35 વર્ષ (C) 30 વર્ષ (D) 38 વર્ષ

73. બઢતી મેળવવા માટે અનુભવની જોગવાઈઓ વિવિધ સંવર્ગમાં કયા વર્ષથી સુધારો કરી દાખલ કરવામાં આવેલ છે?

(A) 1985 (B) 1988 (C) 1990 (D) 2005

74. સરકારી કર્મચારી દ્વારા બઢતી લેવાનું અસ્વીકર કરે તો અસ્વીકાર કર્યા તારીખથી કેટલા સમય પછી પ્રમોશન, નિયમો આધીન મેળવવા હકદાર થશે ?

(A) બે વર્ષ
(B) એક વર્ષ
(C) ત્રણ વર્ષ
(D) અઢી વર્ષ

75. ગુજરાત સામાન્ય વર્ગીકરણ ભરતી નિયમો-1967 ના નિયમ(2) અનુસાર આર્થિક રીતે નબળા વર્ગ માટેનો ઠરાવ ક્યારથી અમલમાં આવ્યો ?

(A) 01-04-2005
(B) 23-01-2019
(C) 19-04-1976
(D) 20-05-2019

76. ગુજરાત સામાન્ય વર્ગીકરણ ભરતી નિયમો-1967 અનુસાર કઈ તારીખ પછી નિયત કરેલ કમ્પ્યૂટર જ્ઞાનની પરીક્ષા પાસ કરેલ ઉમેદવારને જ બઢતી આપી શકાય ?

(A) 01-04-2005
(B) 01-04-1972
(C) 01-04-2008
(D) 01-04-2006

77. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 મુજબ સરકારી નોકરી માટે કઈ બાબત સુસંગત નથી ?

(A) નિયોક્તાની પૂર્વ સંમતિ વિના અન્ય નોકરી માટે અરજી કરવી નહિ.
(B) નિમણૂક પૂર્વે એક કરતાં વધારે પત્ની હયાત હોય તો પણ તેવી વ્યક્તિને સરકારી નોકરીમાં નિમણૂક માટે લાયક ગણાશે.
(C) એક ખાતાના સરકારી નોકરી ગુજરાત સરકારની બીજી કચેરી કે વિભાગમાંથી જગ્યા માટે પરીક્ષામાં બેસવા અરજી કરવા માંગતો હોય તો તેણે પોતાની અરજી તેના નિમણૂક અધિકારી મારફત સાદર કરવી.
(D) કેન્દ્ર સરકાર કે અન્ય રાજ્ય સરકારમાં નોકરીમાં હોય તેવી વ્યક્તિને જે તે સરકારની પરવાનગી વગર ગુજરાત સરકારની સેવામાં યોગ્ય ગણવા નહિ.

78. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 મુજબ બઢતી મેળવવા માટે જરૂરી અનુભવની કઈ જોડ સાચી નથી ?

(A) સમાન વર્ગમાં બઢતી પાંચ વર્ષ
(B) વર્ગ-3 માંથી વર્ગ-2 માં બઢતી સાત વર્ષ
(C) વર્ગ-2 માંથી વર્ગ-1 માં બઢતી આઠ વર્ષ
(D) વર્ગ-1 માંથી વર્ગ-1 માં બઢતી ત્રણ વર્ષ

79. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 મુજબ કઈ બાબત સુસંગત છે ?

(i) નિમણૂક કે બઢતી માટે કોઈપણ જાતની સહાય મેળવનાર ઉમેદવાર ગેરલાયક થશે.

(ii) સેવા કે જગ્યા પર નિમણૂક પછી ઠરાવવામાં આવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરવી પડશે.

(iii) રાજ્ય સરકાર કેટલીક બાબતોમાં નિયમો હળવા કરીને પણ નિમણૂક કરી શકશે.

(iv) આ નિયમો અમલમાં આવાથી મુંબઈ મુલ્કી વર્ગીકરણ અને ભરતી 1939 રદ કરવામાં આવ્યા.

(A) (i), (ii), (iv) (B) (i), (iii), (iv) (C) (ii), (iii), (iv) (D) ઉપરોક્ત તમામ

80. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-1967 અન્વયે રાજ્ય સેવા તરીકે કઈ સેવા અને જગા ઓળખાશે ?

(A) વર્ગ-1 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા

(B) વર્ગ-2 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા

(C) વર્ગ-1 થી 3 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા

(D) વર્ગ-1 અથવા 2 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા

81. ગ્રામ પંચાયતને કયા પ્રકારનો કરવેરો લેવાની સત્તા નથી ?

(A) ગામમાં રાખેલા કુતરા ઉપરનો કર (B) શિક્ષણ ઉપકર

(C) યાત્રાળુ કર (D) મેળા તથા બીજા મનોરંજન ઉપરનો કર

82. પંચાયત અધિનિયમ-1993 ની કલમ 10(4) અનુસાર એક તાલુકાની વસ્તી એક લાખ પચાસ હજાર છે. તે તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા કેટલી હશે ?

(A) 15 (B) 17 (C) 19 (D) 21

83. પંચાયત અધિનિયમ-1993 ની કલમ 146 મુજબ શિક્ષણ સમિતિના અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થાય અને તે રાજીનામું ન આપે તો કેટલા દિવસ પછી તે હોદ્દો ધરાવતા બંધ થશે ?

(A) સાત (B) પાંચ (C) બે (D) ત્રણ

84. જે તારીખે સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોના નામ પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખથી કેટલા દિવસોની અંદર યોગ્ય સત્તાધિકારીએ તે બેઠકો ભરવી જોઈએ ?

(A) 7 દિવસો (B) 15 દિવસો (C) 22 દિવસો (D) 28 દિવસો

85. ગ્રામ પંચાયતના વિવિધ કાર્યોના સંચાલન માટે પંચાયતે પોતાના ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિની રચના કરશે, આ કારોબારી સમિતિમાં કેટલા સભ્યો હશે ?

(A) સાત (B) ચાર (C) પાંચ (D) ત્રણ

86. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ-1949 અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાના ટ્રસ્ટમાં પત્રવ્યવહાર માટે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ ફેરફાર કરવાનું હોય ત્યારે કયા સત્તાધિશની મંજુરી મેળવવાની હોય છે ?

(A) સચિવ, શિક્ષણ વિભાગ (B) જિલ્લા શિક્ષણ સમિતિ

(C) નિયામક, પ્રાથમિક શિક્ષણ (D) શાળાનો ટ્રસ્ટ

87. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ 1949 અંતર્ગત શિક્ષકોને કઈ ઉંમર પછી ચાલુ રાખવા અથવા ચાલુ ન રાખવા માટે તેના કામનું મૂલ્યાંકન કરવામાં આવે છે ?

(A) 53 (B) 52 (C) 50 (D) 55

88. સ્કૂલબોર્ડના સભ્યોના નામો રાજપત્રમાં પ્રસિદ્ધ થયાં પછી કેટલા દિવસમાં બોર્ડની પહેલી બેઠક બોલાવવી જોઈએ ?

(A) એક સપ્તાહમાં (B) પંદર દિવસમાં (C) એકવીસ દિવસમાં (D) દસ દિવસમાં

89. 'ધી મુંબઈ પ્રાયમરી એજ્યુકેશન રુલ્સ,1949' હેઠળ ઠરાવ્યા મુજબ શિક્ષકની બાબતમાં બનેલી તપાસ સમિતિમાં કોનો-કોનો સમાવેશ થાય છે ?

(A) સંચાલકોનો એક પ્રતિનિધિ, શાળાનો હેડ માસ્તર અને સંબંધિત શિક્ષકનો એક પ્રતિનિધિ

(B) સંચાલકોનો એક પ્રતિનિધિ, શાળાનો હેડ માસ્તર અને ગ્રામ પંચાયતનો પ્રતિનિધિ

(C) સંચાલકોનો એક પ્રતિનિધિ, શાળાનો હેડમાસ્તર અને શિક્ષક સંઘનો સભ્ય

(D) સંચાલકોનો પ્રતિનિધિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાળાનો હેડ માસ્તર

90. પ્રાથમિક શિક્ષણ નિયમો 1949ના નિયમ 64 મુજબ 'બીટ' ના મદદનીશ કેળવણી નિરીક્ષક પોતાની બીટના મુખ્ય શિક્ષકની એક સાથે કેટલા દિવસની પ્રાસંગિક રજા મંજૂર કરી શકે ?

(A) ત્રણ (B) પાંચ (C) એક (D) સાત

91. ''મદદનીશ વહીવટી અધિકારી તેના બીટમાં કામની દેખરેખ રાખવા માટે જવાબદાર રહેશે.'' આ ફરજ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ના કયા નિયમમાં છે ?

(A) 64 (B) 65 (C) 66 (D) 67

92. RTE Rule 2012 મુજબ રાજ્ય સલાહકાર પરિષદના અધ્યક્ષપદે કોણ હોય છે ?

(A) શિક્ષણ સચિવ

(B) પ્રાથમિક શિક્ષણ નિયામક

(C) પ્રાથમિક શિક્ષણનો હવાલો ધરાવતા રાજ્ય સરકારના મંત્રી

(D) શિક્ષણ વિભાગના નાયબ સચિવ

93. RTE ના સંદર્ભમાં શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના દર કેટલા વર્ષે કરવી જોઈએ ?

(A) દર વર્ષે (B) ચાર વર્ષે (C) ત્રણ વર્ષે (D) બે વર્ષે

94. RTE-2012 ના કયા નિયમથી શિક્ષકોની ફરજો નિયત કરવામાં આવેલ છે ?

(A) નિયમ-18 (B) નિયમ-19 (C) નિયમ-20 (D) નિયમ-21

95. RTE-2012 ના નિયમ 21 મુજબ શાળા કયા રજીસ્ટરના કોઈપણ સંજોગોમાં નાશ કરી શકશે નહિ ?

(A) હાજરીપત્રક (B) ડેડસ્ટોક રજીસ્ટર

(C) આવક-જાવક રજીસ્ટર (D) સામાન્ય રજીસ્ટર

96. પ્રાથમિક શાળાના બાળકોને મફત શિક્ષણ અને મફત પાઠ્યપુસ્તકોની જોગવાઈ RTE-2012 ના કયા નિયમ હેઠળ કરવામાં આવેલ છે ?

(A) નિયમ-5 (B) નિયમ-6 (C) નિયમ-7 (D) નિયમ-8

97. RTE-2012 મુજબ નજીકની શાળાઓ નક્કી કરવા કે સ્થાપવા સ્કૂલ મેપીંગ કરવાની જવાબદારી કોની છે ?

(A) સ્થાનિક સત્તામંડળ (B) પ્રાથમિક શિક્ષણ નિયામક

(C) SSA (D) રાજ્ય સરકાર

98. RTE-2012 અનુસાર કોઈપણ પૂર્વશાળામાં બાળકના પ્રવેશ માટેની લઘુત્તમ ઉંમર કેટલી છે ?

(A) 6 વર્ષ (B) 5 વર્ષ (C) 3 વર્ષ (D) 4 વર્ષ

99. RTE-2012 નિયમો અંતર્ગત માન્યતાની શરતોનું પાલન ન કરતી શાળાને તે સંદર્ભે નોટીસનું સ્પષ્ટીકરણ શાળાએ કેટલા સમયમાં કરવું જોઈએ ?

(A) સાત દિવસ (B) ત્રીસ દિવસ (C) પંદર દિવસ (D) સાઈઠ દિવસ

100. પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 માં ''મદદનીશ શિક્ષણ નિરીક્ષક'' શબ્દનો સમાવેશ કઈ વ્યાખ્યામાં થયો છે ?

(A) વ્યાખ્યા: 2 (ક) (B) વ્યાખ્યા: 2 (ખ) (C) વ્યાખ્યા: 2 (ગ) (D) વ્યાખ્યા: 2 (ગ)(૧)

◆◆◆

A 2001511

## રફ કામ માટેનું પેઈજ

**પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**